૧૨૨૬

# ઈશ્વર પ્રાર્થના. ૧૨૨૬

ગરબીમાં.

(૨)

ભરૂચની પ્રાર્થના સમાજના એક ભક્તને
તૈયાર કરેલી.

તે

છપાવી પ્રસિદ્ધ કરનાર
ઝવેરીશંકર મયાશંકર દીક્ષિત.

અમદાવાદમાં

પાડીઆમાં અમરતલાલના મહાદેવમાં
મહેતાજી પિતાંબરદાસ બિંદાવનદાસના
હિતેચ્છુ પ્રેસમાં પટેલ જેશંગ
મુળજીએ છાપી.

સંવત ૧૯૩૫—સને ૧૮૭૯

કિમત ૪ પાઈ.

२२२६

# ईश्वर प्रार्थना.

## ગરબી. ૧

## भगवान सत्यमां वसे छे.

(મ્હેલાની મોહન મટકી, હાંરે મ્હારૂં મહિ છલકાવરે
એ રાગની).

શ્રી હરી વસેછે સત્યમાં,
નથી સાર કશોયે અસત્યમાં; શ્રી હરી૦—૧
ધરી મિથ્યા મમતનો અર્થ,
હરયા હરયા પરાયા ગર્થ;
કુડું દીઠું અસત્યના કૃત્યમાં. શ્રી હરી૦—૨
કશનું કંઈકે ને કંઈ કર્યું,
આંખનું કાજળ ચેહેરે ધર્યું;
ધિક્ પડો કુબુદ્ધિની મત્યમાં. શ્રી હરી૦—૩
કીધાં ઉદર નિમિત્ત બહુ કૂરણાં,
અંત્યકાળે ભવિષ્યના ચૂંથણાં;
કાલાં જુઓ શુંછે વ્યર્થ સ્તુત્યમાં. શ્રી હરી૦—૪
જેમ જાળ રચે પેલો કોળિયો,
કરે જાદૂ જમડા તેનો કોળિયો;
એવું જાણો અસત્યના નૃત્યમાં, શ્રી હરી૦—૫
રખે ભમશો ભ્રમણની ભૂલમાં,
દગો કરે નિકંદન કુળમાં;
નવ મથશો કદી દુર્વૃત્તિમાં, શ્રી હરી૦—૬

જાગે મિઠું કપટ ને પ્રપંચરે,
ભજે સુખના ન તેથી રંચરે;
તજી શ્રેષ્ઠતા ખુસી મતી મૂત્યમાં, શ્રી હરી૦—૭
શ્રીજી પ્રીછો પ્રભુ ઘટ સ્થાનમાં,
ધ્યાન ધરશો ન કદિ મતિ આનમાં;
મનમોહન પ્રભુ એ અગત્યમાં, શ્રી હરી૦—૮

—o—

## કાયાનાં હૃદયસ્થાન વિશે જ્ઞાનરૂપી દીવો કરો. ૨

( એજ ચાલની )

કાયા કુળમાં પ્રગટ કરો દીવડો,
જ્ઞાન વિના વ્યથા આ જીવડો. કાયા કુળમાં૦—૧
વેરાગ્ય થયો અવિવેકનો,
તેણે બંધ તોડયો પ્રભુ ટેકનો;
ગાઇ મહા પ્રભુને કંઇ નીડો, કાયા કુળમાં૦—૨
ભુલ્યાં દૃઢ ભક્તિ તે ભગવંતની,
નવ ઓળખી શકી ઘડી અંતની;
માલ્યો મિથ્યા મમત પ્રાણ પિંડો, કાયા કુળમાં૦—૩
ખરી ખોટી નથી જેને પરખો.
તેતો દીશે પશુના સરખો;
બ્હેમ ખુણીનો મનને ચીપડો, કાયા કુળમાં૦—૪
જેણે પ્રેમે પ્રભુ નવ ઓળખ્યા,
તેણે કૃત્રિમ કોળિયા લઇ ભખ્યા;
કેમ હાં સુકીર્ત્તિ કેવડો, કાયા કુળમાં૦—૫

સમાધાન ઉત્તમ સત્સંગથી,
પ્રભુ પ્રીતી હળે અંગ રંગથી;
અભિમાને ચૂકે હદ બાપડો, કાયા કુળમાં૦—૬
ધરો ધ્યાન તે કરૂણા સિંધુનું,
થાય કાર્ય સુકુળના બંધુનું;
ભટકાં મારે સરે શું હોકડો, કાયા કુળમાં૦—૭
મિષ રૂપી મધૂરાં વેણથી,
નવ મ્હોશો શ્રવણાદિક નેણથી;
સ્થિરતા ધરી ધરો સુગુણ માંચડો, કાયા કુળમાં૦—૮

## મિથ્યા મમતાવાળી મમતી નારીનું ચિત્ર. ૨

( એજ ચાલ. )

લાડી લાડ લડાવે લોકને, કોઈ પૂગે ન એના મોખને. લાડી.
ભણ્યા ગણ્યા તે ભૂલ્યા ભૂલમાં, કાટ ચઢ્યા હિરાના કૂળમાં;
કીધો આંપણ ચોખી નોકને, લાડી લાડ લડાવે લોકને. ૨
અદ્વિત આનંદમાં હતા તૃમરે, તેની શુદ્ધી કરી લીધી જમરે;
નવ માને એ કોઈની ડોકને, લાડી લાડ લડાવે લોકને. ૩
વાગે મોહરૂપી એનાં બાણરે, ભૂલે ભક્તિ ભગવંતની વાણરે;
પુરે કામાંધતાના ચોકને, લાડી લાડ લડાવે લોકને. ૪
કરે નિંદા પ્રભૂ પ્રાર્થીતની, મોકળુ વાળે પ્રભૂ આશ્રીતની;
જુઓ શુદ્ધ દૃષ્ટિથી એની ઠોકને, લાડી લાડ લડાવે લોકને. ૫
આસપાસનાની મેંત્રે મૂડિયો, કરે ચલિત નીતીની રૂઢિયો;
નિર્ખો સરસ્વતીના ગોખને, લાડી લાડ લડાવે લોકને. ૬
ફરી ક્લેશ કરાવે સર્વને, કોણ પોંચો શકે એના ગર્વને;
એણે છોડ્યા નથી જન કોકને, લાડી લાડ લડાવે લોકને. ૭

કનો અમૃત પણ વીખ થઈ ગયો, પતિ ગુણવંત પણ મૃત્ય થઈ રહ્યો
નવ મુકે એ મમતના થોકને, લાડી લાડ લડાવે લોકને. ૮
નાથો લાથો વિચારના વેગને, કરો થંડા ખળખળતા દેહને;
કરો સન્મુખ શાંતી શોખને, લાડી લાડ લડાવે લોકને. ૯
દૃઢ નિશ્ચા ધરો વિશ્વેશની, રહે ચિંતા ન લેશ કુકલેશની;
મત કરશો ન ફોકટ શોકને, લાડી લાડ લડાવે લોકને. ૧૦

—o—

## उत्तम स्त्रीनुं चित्र. ४

(સઉપ સમરથ રાધા વરનો આશરો, એ રાગનું.)

સારી નારીનું ચિત્ર સુણો સઉ સ્નેહથી,
ઉપજે ના કદિ ભાકોરડાની ભ્રાંતજો;
સદ્ગુણ શુભ વિદ્યાની સુખતા તો ભણી,
દુખ સાગર પણ પામે એથી શાંતજો. સારી ના૦—૧
વ્યવહારિક કાર્યોમાં કુશળતા ઘણી,
શિયળ ગુણે વર્તે અહિ સભ્યની રીતજો,
નિરખે નિવૃત્તિએ સરસ્વતિ મંદિરો,
મનન કરે નાનાવિધ ગ્રંથો નીતજો. સારી ના૦—૨
પતિનું મન સંપાદન હરનિશ એ કરે,
પુષ્પ પ્રફુલ્લિત સરખી પ્રીતી પાત્રજો;
દ્વેષ ક્લેશના ટહુ નવ સ્થિર રહી શકે,
સુધારે સહકુટુંબ ભગની ભ્રાતજો. સારી ના૦—૩
ઈશ્વર આરાધન કરિ લે અતિ પ્રેમથી,
નવ ભટકે ઘર ગણતી સઉને ઠામજો;
દૃઢ મનથી પૂજન માનસિક કરતી સદા,

(જેમ) કાઢે ગ્વાલણિ પયથી ઘૃતનું દામજો. સારી ના૦—૪
સત્ય વિના વચન અસત્ય ન નીકળે,
અમૃત ફળમાં હોય ક્યાંહાં કડવાસ જો;
જગમાં જેની જેવી જેવી યોગ્યતા,
તેવાં ભાષણનો એને સહવાસજો. સારી ના૦—૫
ભય રાખે ભર્મિત નારી સંયોગનો,
સ્પર્ષ ન થાયે કાજળ સરખો ડાઘજો;
તેજસ રૂપી વિજળી પેઠે વેગથી,
ઝડપે સદ્‌ગુણ આભૂષણના લાગજો; સારી ના૦—૬
એવી નારીની સંગત નિત કીજીયે,
આળ અળગ આલમનાં જે દુર થાયજો;
પારસમણિ પોતે ગુણ અર્પે લોહને,
લોહ મટીને રૂપ સુવર્ણ સમાયજો. સારી ના૦—૭
ખોટી મમતાની મમતા સ્ત્રી જગ વિષે,
રૂપ છતાં પણ લુંડી સરખી હોય જો;
મન મોહન ધન સારી સ્ત્રીના લક્ષણો,
અહિ લેજો આ વિશ્વે સખિ સઉ કોયજો. સારી ના૦—૮

## પ્રભુ પ્રેમ વિરહ. ૫

( તજો તમે કેફ કરમ કરવા. એ રાગમાં ).
મ્હારો સરિગત હરી ક્યાંહાં સંતાયો,
શોધી શોધી સુજન એનો પાયો;
એમાં રહિ ગયો છે સઘળો માયો. મ્હારો.—૧
સતરંગ તુરંગ સજાવોની,
ચિત સ્વારને ઝટ સમજાવોની;

સ્ફુરતિ કરી એને શોધાવોની, મ્હારો.—૨
એતો અલખ નિરંજન થઈ બેઠો,
શુધ્ધ મુમુક્ષુને હૃદયે જઈ પેઠો;
એને નિરખું તો જીવ એથી હેઠો, મ્હારો.—૩
આણો સદ્ગુરૂ શબ્દનો પરવાણો,
ચાર વેદની સંજ્ઞાને આણો;
સાથે લ્યો ખટ શાસ્ત્રની શુભ ખાણો, મ્હારો.—૪
જ્ઞાન રૂપી દીપક કરમાં ઝાલી,
ભ્રમણારૂપિ અંધારૂં દ્યો ટાળી;
પછી ઢૂંડો પ્રભુ પદને ન્યાહાળી, મ્હારો.—૫
વિવેકેથી વૈરાગ્યને બોલાવો,
ભકતી ભાવ વડે એને સમજાવો;
જગમાં એના પદનો અતિ લાહાવો, મ્હારો.—૬
એના નામ થકી મળી સુખ સાતા,
એનું પદ પીછે ભય જંખાતા;
કરો શ્રવણ મનન શ્રોતાદાતા, મ્હારો.—૭
છેછેછે એ અહિંનો અહિંજ પ્રભુ,
દૂર જઈને ન શોધશો એહ વિભૂ;
કૃપા કરશો તો મનમોહન નભું, મ્હારો.—૮

## मद विषे. ६

(રાગ ઉપર પ્રમાણેજ.)

મનવા કેમ થયો તૂં મદ માતો,
ખરી રેહેણી નથી જોતો જાતો;
તુંતો બીખ બજેછે થઈ તાતો, મનવા.—૧

નથી રંગ રહ્યો કોનો રાતો,
અંતે દીપક પણ છે હોલાતો;
દિનકર સરખાનો પણ અસ્ત થાતો, મનવા.—૨
પરથી મદને જો તૂં હદમાં તો,
થાશે આ ભવમાં તૂં વખણાતો;
ચાહાશે લોક કુટુંબને મિત્ર ભ્રાતો, મનવા.—૩
મદના કદને નિરંતર જે ગાતો,
તેના ચિતમાં ભ્રમે દુષ્ટની વાતો;
મદથી પ્રભુ પદ કહિ નથિ ઓળખાતો, મનવા.—૪
એમા શું ભાળી તને વીશાતો,
એથી નિપજે છે કંકંકં ઘાતો;
માની લેની શીખામણની ધાતો, મનવા.—૫
સાને સમજી વિવેકની લે ખાંતો,
તને ભરમાવે છે બહુ ભ્રાંતો;
ધોળે દિવસે ધુળ પડે જો તાંતો, મનવા.—૬
વસમા ચોર નથી કોથી વેઠાતો,
એવી ઉન્મત મદનીછે જાતો;
સ્પર્ષ થાતાં પડે છે ખુંન લાતો, મનવા.—૭
એતો સદ્ગુણ સંગ ન આદરાતો,
રહે ગર્ધવ પેરજ મકલાતો;
પ્રથમે ચઢિ કરિને પછિ અકળાતો, મનવા.—૮
કહી છૂટે કેહેવત કેહેનારાતો,
વહી છૂટે તે બોજ વ્હેનારાતો;
નવ માને તેતો ઘસડાતાતો, મનવા.—૯
સત સંગથી નમ્રતા રહે એહેતો,

સાતી સંગ જાજે નિત્ય તું વહેતો;
મન મોહનના મનને રહું કહેતો, મનવા.—૧૦

## પ્રભુ રસ સ્વાદાવળીનો ગરબો. ૭

### મન રાજા અને નિવૃતી રાણીનો સંવાદ.

(મહા કોપ થયો તે કળીકાળમાં જો. એ રાગમાં.)

પ્રભુ પ્રીતિનો તે સ્વાદ રળિયામણો જો,
જ્ઞાન ધ્યાનનો વધાર તે સોહામણો જો. પ્ર૦ પ્રી૦—૧
ચટકો સ્વાદનો ગ્રહેછે રાજા મનજી જો,
અતિ આનંદ થયો એ ભોજનથી જો. પ્ર૦ પ્રી૦—૨
રાણી નિવૃત્તિને પુછે છે આનંદથી જો,
સ્વયંપાક આ સ્વાદિષ્ટ કેમ શુંદથી જો. પ્ર૦ પ્રી૦—૩
કાયા મેહેલમાં રહેલું જ્યારે હાશથી જો,
ત્યારે લાવેલી પ્રવૃત્તિ થાળ આસથી જો. પ્ર૦ પ્રી૦—૪
તેના સ્વાદમાં તો ગંધ હતી મૃત્યની જો,
જે આરોગતાં તે બીક દુઃખ કૃત્યની જો. પ્ર૦ પ્રી૦—૫
એ થાળ તે પ્રપંચ સર્વ જગતનો જો,
તેથી રોગ કામ ક્રોધ આદિ શક્તિનો જો. પ્ર૦ પ્રી૦—૬
તે રોગના તો ભોગ મને બહુ નડયા જો,
મ્હારા અંગનાજ રંગ તેણે બહુ રડયા જો. પ્ર૦ પ્રી૦—૭
તે દુઃખનાતો વેષ આધિ છૂટતા જો,
તેતો ગોળ ભખાવી ગર્થ લૂટતા જો. પ્ર૦ પ્રી૦—૮
નિર્મળ ભક્તિનો પ્રસાદ તે આરોગતા જો,
પ્રગટિ શાંતતા અને વળી સુયોગ્યતા જો. પ્ર૦ પ્રી૦—૯
એવા સ્વાદ સન્મતીની જીભ આપતી જો,

શઠને વિષે વચાર ગુપ્ત રાખતી જો. પ્ર૦ પ્રી૦—૧૦
તેથી કામ ક્રોધ લોભ રોગ લોપતા જો,
સત્સંગ રંગના તે સ્વાદ મિષ્ટ શોભતા જો. પ્ર૦ પ્રી૦—૧૧
અહો પ્રીય મ્હારી હું પ્રસન્ન તું જથી જો,
કારણ કહેની મુને તું બૂઝથી જો. પ્ર૦ પ્રી૦—૧૨
બેદા બેદને તું બોલ મુજ પાસમાં જો,
છાનું રાખવાથી થૈશ હું નીરાશમાં જો. પ્ર૦ પ્રી૦—૧૩
અમૃત વસ્તુ થકી પણ એ ચઢે જો,
પ્રભુ પ્રેમ વિના એ રડવડે જો. પ્ર૦ પ્રી૦—૧૪
જ્ઞાનામૃતની સુભક્તિ કુતી દાખવી જો,
વર્ણો વૃત્તાંત વસ્તુ સત્ય ભાખવી જો. પ્ર૦ પ્રી૦—૧૫

## निवृति मनने कहेछे. ८

( साखीनो गरबो. )

(લોચન મનનો હો રાજ ઝગડો લોચન મનનો. એ રાગ.)
શ્રવણ કરો પ્રિય નાથ વદૂં હૂં નારિ તમારી,
તમને પ્રવૃત્તીનો સાથ, મને કીનલ ગણુકારી; શ્રવણ૦
જે રૈહેણી એક જ ધરે, સુધરે ત્હેનાં કાજ;
રૈહેણિ રહિત થઈ જે ફરે, તે તો બગાડી દે રાજ;
વદું હૂં નારી તમારી૦—૧
પ્રવૃત્તિની સંગમાં, હતા આપ જે વાર;
તે સમયે વેરાગડી, મુને કહેતાતા સુખને દ્વાર;
વદું હૂં નારી તમારી૦—૨
દ્રઢ વૈરાગ્ય પિતા મમ, શુભ મતિ મ્હારી માત;

સંતોષ અને સુવિચાર એ, મ્હારાં ભાંડુમાં સગા ભ્રાત;
વદું હું નારી તમારી૦—૩

તેણુ રીત રસોઇની, શિખવી છે તેમ કાજ;
ઉત્તમ પ્રેમની મિષ્ટતા, તેથી થઇ છે તમોને આજ.
વદું હું નારી તમારી૦—૪

અનુભવિ સંતન પાસથી, ખરચ્યિ સૈવ્યનું દામ;
જ્ઞાન ધ્યાન લીધું જ મ્હેં તેતો અંપૂછું આ ઠામ;
વદું હું નારી તમારી૦—૫

એ ભોજનના સ્વાદનો, અવગુણ લેશ ન થાય,
ભવ ઉપાધિના રોગ સહુ, એના ગુણથી તે નાશી જાય;
વદું હું નારી તમારી૦—૬

તથાપિ સે રાજન સુણો, દીન નારિનું કાંઇ;
મુજથી જો અલગા રહો,(તો) આવી વળગે પ્રવૃત્તિ બાઇ.
વદું હું નારી તમારી—૭

પરીવાર પ્રવૃત્તિનો, પીયર મ્હાંય અનેક,
સસરો સાળા સાળિયો, તેતો છોડાવશે તુજ ટેક.
વદું હું નારી તમારી૦—૮

એ માટે મન ચેતજો, વેણ ન જાયે ફોક;
મોહન મન તમથા ડરે, રખે હસશે તમોને લોક.
વદું હું નારી તમારી૦—૯

---

## मन निवृत्तिने कहेछे. ९

(તજો તમે કેક કરમ કરવાં. એ રાગમાં).

અરે મ્હારી નિવૃત્તિ રાણી, તમો શું શીખામણદો શ્યાણી;
અરે મ્હારી—૧

જળમાં રહિને મગ્ગર સૂં વેર,

જાણી જોઇને કોણ બળે ઝેર,
જહીં લહેર છે તહિંજ સદા મેહેર, અરે૦—૨
તમો પ્રવૃત્તીને વખોડોછો,
તેના પિયરીયાંને તંછોડોછો;
તમો આગ્રહથી મુને જોડોછો, અરે૦—૩
મ્હારે તમો બંનેછો સરખી,
ત્હારે હાલત હાલ બહૂ હરખી;
તમો પોતપોતિકું લ્યો પરખી, અરે૦—૪
હુંતો જાતે છૂં અતિશય લેહેરી,
ફરૂં ઘર ઘર વન વન બહુ ફેરી;
જહાં ગોઠે તાંહાં હું રહું ઘેરી અરે૦—૫
હુંતો વાયુ સ્વરૂપ તું રેહે જોઇ,
મુંને બાંધી શકે નહીંરે કોઇ;
મુને વશ કરતાની મા મોઇ, અરે૦—૬
જગના કર્મમાં પ્રવૃત્તી વ્હાલી,
અંતકાળે તું રક્ષવા વાલી;
હુંતો ઇચ્છું બંનેને કર ઝાલી, અરે૦—૭
મુને નિત્ય નેં નિત્ય આનંદ વાધે,
એવા યોગ પ્રયોગજ જે સાધે;
તેને વશ મનમોહન આરાધે, અરે૦—૮

—*—

## निवृत्ति मनने केहेछे. १०

(રાગ ઉપર પ્રમાણેનો).

(મ્હારા) પ્રિયપતી નાથ એ શું બોલો,
તમો ભ્રમરની વૃત્તિમાં શિદ ડોલો;
દૃઢ સ્થિરતાએ પ્રભુરસ તોલો, (મ્હારા)૦—૯

વમા પ્રવૃતિથી છિદ્ર બિહિના,
એના રંગમાં આ અંગ કયમ ભીના;
એની કાયામાં તો બહુ કીના, (મ્હારા)૦—૧૦

એની સાનથી માન ઘટે મ્હારૂં,
પ્રભૂ ભક્તિનું બંદ પડે બ્હારૂં;
અંતકાળે ફરી વળે અંધારૂં, (મ્હારા)૦—૧૧

ભવમાં રહિને સઘળૂં સાચવિયે,
સત્ય વસ્તુને પ્રથમે સંચકિયે,
તજી વૈર સદા હળીયે મળીયે, (મ્હારા)૦—૧૨

કાર્યા કારણથી સઘળૂં કરીયે,
તલ્લીન પણે નવ સંચરીયે;
પ્રભૂપદને કદી નવ વીસરીયે, (મ્હારા)૦—૧૩

પ્રવૃત્તીને નથી હું વગોવતી,
એને યોગે પ્રભુમાં પ્રવૃત્ત થતી,
એ ન હોત તો હું અહીં ક્યાંહાંજ હતી, (મ્હારા)૦—૧૪

મુજ વેણુ ઉડાવી નવ નાંખો,
એના પિયરિયાંને હદમાં રાખો,
પછી જેમ ચખાવે તેમ ચાખો, (મ્હારા)૦—૧૫

કામ ક્રોધને મોહ છે મતવાલા,
મદ મત્સર લોભ અરી કાળા;
મિઠું મનવીને મારે ભાલા, (મ્હારા)૦—૧૬

નથી છોડયા બ્રહ્મા વિષ્ણૂ એણે,
ભોળાનાથને ભરમાવ્યા જેણે;
એની કરણી કરી જુઓ કેણે, (મ્હારા)૦—૧૭

એના સાધનની રીતી ગ્રહિયે,
નિષ્કામ પણે પ્રભૂ પદ લહિયે;
સત્ય વસ્તુનો લાભ ગ્રહી રહિયે, (મ્હારા)૦—૧૮

પ્રભૂ પદના મદમાં થઈ માતા,

ધરિયે શાંતી સ્વરૂપ તણી સાતા;
અન્યોપાધિ કરી અળગી દાતા. (મ્હારા)૦—૧૯

દયા ક્ષમા ને શાન્તીનો સ્વાદ ગ્રહી,
ભૂલશો રખે ભ્રમતા માંહ્ય નહી;
પતિ મન મોહન કહૂં સત્ય સહી. (મ્હારા)૦—૨૦

—————

## ઈશ્વર સ્તુતિ. ૧૧

( હિંડીના રાગની ગરબી ).

હે અનાથ બેલિ પ્રભુ, હે અનાથ બેલી;
હર વિકાર વેલિ વિભુ, હર વિકાર વેલી;
હે નીતિ રંગ રેલી,
હે દુર્મતી ધકેલી, હે અનાથ બેલિ પ્રભુ, હે અનાથ બેલી. ૧

દુષ્ટ પુષ્ટ થાય નહિ, રહેમ દ્રષ્ટિ રાખો; (૨)
દુઃખ કાઢી નાખો,
ના બને કુશાખો;
લોભથી મહેલિ, હું તો લોભથી મહેલી;
હે અનાથ બેલિ પ્રભુ હે અનાથ બેલી. ૨

જ્ઞાન ધ્યાન મૂકિ હું તો, બ્હાવરી બનીછૂં. (૨)
હે હરી ધણી તૂં,
હે ભલું ભણી તૂં;
જ્ઞાન રત્ન અર્પ કદી, ના બનૂં છકેલી,
હે અનાથ બેલિ પ્રભુહે અનાથ બેલી. ૩

વ્હેમ ચોટ લાગિ મ્હોટ, બહુ બન્યાં અભાગી. (૨)
દુર્વાસના ન ત્યાગી,
ભવ સ્વપ્નથી ન જાગી;
આશિષોની આશથી હું દાસિહું નમેલી,
હે અનાથ બેલિ પ્રભુ હે અનાથ બેલી. ૪

# आरती.

જય દેવ જય દેવ, જય ત્રિભુવન ત્રાતા, (૨)
દયા કરો કરૂણાનિધિ, કરિ મનને સાતા, જય દેવ—૧
પામર પ્રાણી અમો જ, દુર્મતિમાં ભીન્યા, (૨)
તુજ પદને પ્રેમેથી, કદિ પણ નહિં રહીન્યા. જયદેવ—૨
સદાચરણિ તુજ ભક્ત, નિત્ય તને નિરખે, (૨)
તે સુખિયા સંસારે, વૃષ્ટિ સુગુણ વરખે. જય દેવ—૩
સન્મતિની શુભ વાટ, દેખાડો દાતા, (૨)
વિક્રિયા દુર્મતિની, વળગી વિખ્યાતા. જયદેવ—૪
આવ્યો જન્મ મનુષ્ય, નીતી તેં સરજી, (૨)
તે આપી અશુચે પ્રભુ, રાખો હે હરજી. જય દેવ—૫
જીવન તેનું વ્યર્થ, જે કપટી લોભી, (૨)
સત્ય તણું સુખ વિસરી, હોય સદા ક્ષોભી. જયદેવ—૬
રંક શિશુઓનો રંગ, મંગળ મય ધરજો,(૨)
આશિર વચને ભ્રમણા, દૂર સદા કરજો. જય દેવ—૭
કામ ક્રોધ મદ મોહ, મત્સર લોભ અતી, (૨)
દ સર ધરજો હે હરી, ન વધે અસર રતી. જય દેવ—૮

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સમાપ્ત.